

ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત આજે મંત્રી મંગુભાઈ પટેલે શહેરની-સેક્ટર-૧ ૩ની સરકારી પ્રાથમિક શાળાની મુલાકાત લીધી હતી. કાર્યક્રમમાં મેયર મહેન્દ્રસિંહ રાણા, મહેશ સાધુ, ગોવિંદભાઈ હાજર રહ્યા હતા.

# ઈન્ફોસિટીની દુકાનો ઉપર એલસીબીની ટીમનો સપાટો

## સીસીટીવી કેમેરા નહી લગાડનાર પાંચ દુકાન માલીકો સામે ગુનો દાખલ : સે. ૧ ૧ સુમનસીટીની એક દુકાનમાં પણ કેસ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામા મુજબ તમામ ખાનગી એકમો પર સીસીટીવી કેમેરા લગાડવા ફરજીયાત છે જેનું ઉલ્લંઘન કરતાં દુકાનદારો સામે ગાંધીનગર એલસીબીની ટીમે લાલ આંખ કરી છે. આજે ઈન્ફોસિટીમાં ચેકીંગ હાથ ધર્યુ ત્યારે પાંચ દુકાનોમાં કેમેરા નહીં હોવાનું ધ્યાન આવતા તમામ પાંચેય દુકાન માલીકો સામે ગુનો દાખલ કર્યો છે તે ઉપરાંત જ્યાં સૌથી વધુ બાઈક ચોરી થાય છે તેવા સે. ૧ ૧ વિસ્તારમાં સુમન સીટી કોમ્પ્લેક્ષની એક દુકાનમાં પણ કેશ કરીને એલસીબીએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઈન્ફોસિટીમાં દુકાન નં. ૪૧ ઓમકાર ગીફ્ટ એન્ડ ટોયઝ શોપ, દુકાન નં. ૪૦ બાર્બી વૉટર, દુકાન નં. ૧ ૧ ક્રિશ્ના પાર્લર, દુકાન નં. ૯ શ્રી ઉમા પ્રોવિઝન એન્ડ જનરલ સ્ટોર્સ અને દુકાન નં. ૫ મળીને પાંચ દુકાનોમાં સીસીટીવી કેમેરા લગાડેલા નહી હોવાનું ધ્યાને આવતા એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી તેમની ટીમે ચેકીંગ કરીને જિલ્લા કલેક્ટરના જાહેરનામા ભંગનો ગુનો દુકાનમાલીકો સામે દાખલ કર્યો છે. તે ઉપરાંત સે. ૧ ૧ સુમન સીટીમાં સ્થિત રાજુ પાર્લરમાં પણ કેમેરા નહીં હોવાનું ધ્યાને આવતા તેના માલીક સામે પણ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી સપાટો બોલાવવામાં આવ્યો છે.



## અરુણોદય સેવા ટ્રસ્ટ ગરીબોને ગોદડી ઓઢાડશે

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, અરુણોદય સેવા ટ્રસ્ટ દ્વારા ૧૯૯૧થી જરુરતમંદ શ્રમિકો, વિદ્યાર્થીઓને ગરમ વસ્ત્ર ધાબળા આપી જરુરત પુરી પાડે છે. આના અનુસંધાનમાં જ અમદાવાદની 'પ્રેમભકિત પરિવાર' દ્વારા જરુરતમંદ બહેનોને રોજી પુરી પાડવાના આશયથી ગોદડી બનાવવામાં આવે છે અને તેના શ્રમનું વળતર મળે છે. ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અરુણોદય સેવા ટ્રસ્ટ દ્વારા એક સેવામાં બીજી સેવા ભેળવી રોજી સાથે જરુરતમંદને હુંફ પુરી પાડવા આગામી દિવસોમાં જ ગોદડીનું વિતરણ કરનાર છે. આમ એક તરફ રોજી અને બીજી બાજુ જરુરત લોકોની જરુરીયાત ગાંધીનગરના નગરજનોના સહયોગથી પુરી થશે. આ સેવામાં અરુણ બુચ, શશીકાંત મોઢા, નિલેન્દુ વોરા, દિનેશસિંહ ચાવડા, સુધીર દેસાઈ, મયુર વ્યાસ, કિશોર જીકાદરા, ચંદ્રકાંત જોષી, ધીરુભાઈ નીસરતા સહિત અનેક સેવાભાવી લોકો શ્રમદાન કરશે.

# બંને વ્યાજખોરો પાસેથી પોલીસે એક-એક બાઈક જપ્ત કર્યા

## બીજો વ્યાજખોર પ્રકાશ શ્રોફનાં રિમાન્ડનો આજે છેલ્લો દિવસ : આપઘાત કરી લેનાર યુવાનની સહીઓ કરાવી દીધેલુ ટીટીઓ ફોર્મ પણ મળ્યુ

ગાંધીનગર, તા. ૨૦

શહેરના સેક્ટર-૨૮માં રહેતા યુવાને વ્યાજખોરોની પઠાણી ઉઘરાણીથી કંટાળીને આપઘાત કરી લીધો હતો. આ પ્રકરણમાં સે. ૨૧ પોલીસે સ્યુસાઈડ નોટને આધારે બંને વ્યાજખોર આરોપીઓની ધરપકડ કરી લીધી છે. બીજા આરોપી પ્રકાશ શ્રોફને ચાર દિવસના રિમાન્ડ આવતીકાલે પૂર્ણ થઈ રહ્યા છે. પોલીસે બંને વ્યાજખોરો પાસેથી બે બાઈક અને સહી કરાવી લીધેલુ ટીટીઓ ફોર્મ પણ કબ્જે કર્યું છે.

સેક્ટર-૨૮ માં રહેતા શિરીષ પટેરીયાએ ચાંદખેડામાં બે વ્યાજખોરો વિપુલ કાપડીયા અને પ્રકાશ નવીનચંદ્ર શ્રોફના ધમકીભર્યા ફોન અને સતત ટોર્ચરીંગ તથા પઠાણી ઉઘરાણીથી કંટાળીને આપઘાત કરી લીધો હતો અને સ્યુસાઈડ નોટમાં બંને વ્યાજખોરોના નામ આપી બાઈકો સહિત વ્યાજ પેટે જેટલા રૂપિયા લઈ લીધા હતા તે વિગતો લખી નાંખી હતી. સે. ૨૧ પોલીસે તે સ્યુસાઈડ નોટ જપ્ત કરીને તપાસ શરૂ કરી હતી. એક દિવસ અગાઉ વિપુલ કાપડીયાની ધરપકડ કરી હતી ત્યાર બાદ સે. ૨૧ પોલીસે પ્રકાશ શ્રોફની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતો કોર્ટે ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. આવતીકાલે શુક્રવારે તેના રિમાન્ડ પૂર્ણ થશે. બંને આરોપીઓ પાસેથી પોલીસે બે બાઈક તથા એક આર.સી. બુક અને મૃતક શિરીષની જેમાં સહી કરાવી લીધી હતી તે ટીટીઓ ફોર્મ સહીતના અગત્યના પુરાવાઓ રિમાન્ડ દરમ્યાન જપ્ત કરી પુછપરછનો દોર ચાલુ રાખ્યો હતો.

# આજે ટાઉનહોલ ખાતે સહકારી અધિવેશન યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરની ધી વસુધા ક્રેડિટ એન્ડ સપ્લાય કો.ઓપ. સોસાયટી દ્વારા તા. ૨૧મી નવેમ્બર, શુક્રવારે સે. ૧૭માં આવેલ ટાઉનહોલ ખાતે સહકારી અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું છે. આ અધિવેશન સવારે ૯.૩૦ થી સાંજના ૪.૩૦ વાગ્યા સુધી ચાલશે. જેમાં બીન પગારદારોની મંડળીઓનું રાજ્યકક્ષાનું ફેડરેશન ઉભુ કરી કાનુની સંસ્થા બનાવવા ચર્ચા-વિચારણા કરવામાં આવશે.

આ અધિવેશનનું ઉદ્દ્ઘાટન દલિત ઈન્ડીયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન પદ્મશ્રી મીલીન્દ કામલેના હસ્તે કરાશે તેમજ સમારોહના અધ્યક્ષપદે નિવૃત્ત આઈપીએસ અધિકારી ડૉ. રાજન પ્રિયદર્શી અને મુખ્ય અતિથિ પદે ગુજરાત પીકર્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન રતિલાલ મકવાણા ઉપસ્થિત રહેશે. આ સમારોહ બપોર પછીની બીજી બેઠકમાં ગુજરાતની અનુસૂચિત જાતિની ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટીઓના પ્રમુખ-મંત્રીઓની બેઠક યોજાશે તેમજ ફેડરેશનની સ્થાપના પણ કરાશે.

## ડબ્બા ટ્રેડીંગનો એક આરોપી સેન્ટ્રલ જેલ હવાલે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર એલસીબીએ સે. ૧૭/૨૨ ખાતે શ્રીનાથ કોમ્પ્લેક્ષમાં મોબાઈલ શોપમાં દરોડો પાડીને પાંચ આરોપીઓની ડબ્બા ટ્રેડીંગના સટ્ટામાં રૂ. ૧.૩૬ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી હતી. પાંચેયની સામે સે. ૨૧ પોલીસ મથકે ગુનો દાખલ કરી તપાસનો દોર શરૂ કરવામાં આવ્યો હતો. પાંચેયને કોર્ટમાં રજુ કરતાં કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા. જે પૈકી એક આરોપી હર્ષદ માધવરાવ પાટીલને સેન્ટ્રલ જેલ હવાલે મોકલી દેવામાં આવ્યો છે. અન્ય આરોપીઓની પુછપરછ ચાલી રહી છે.

# ગજ્જર સુથાર સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ગજ્જર સુથાર સમાજનો આઠમો સમુહ લગ્નોત્સવ તા. ૧૫ ફેબ્રુઆરીના રોજ બોરસદ-તારાપુર રોડ પર આવેલ જલારામ મંદિર ખાતે યોજાશે. સમૂહલગ્નમાં મેવાડા,ગજ્જર, વૈશ્ય અને પંચોળી સમાજના લગ્નોત્સુક યુવક યુવતિઓએ કાર્યાલય ખાતેથી પ્રવેશફોર્મ મેળવી પરત કરવાના રહેશે તેમજ સાત ફેરા, કુમકુમ પગલા, કુંવરબાઈનું મામેરુના લાભ માટે જરુરી વિગતો સાથે ફોર્મ મેળવી લેવાના રહેશે તેમજ સમાજ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓ જુનિયર કેજીથી ધોરણ-૧૨ ડિપ્લોમા, પીટીસી, સ્નાતક, અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવશે ત્યારે ૩૧ જાન્યુઆરી પહેલા માર્કશીટ નકલ સમાજની ઓફિસ ખાતે મોકલી આપવા જ્ઞાતિજનોને જણાવાયું છે.

## ફ્રેન્કીંગ મશીન મુકાયુ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર ટપાલ વિભાગ દ્વારા હેડ પોસ્ટ ઓફિસ ખાતે સ્ટેમ્પ ડયુટી ફ્રેન્કીંગ મશીન મુકવામાં આવ્યું છે.

ટપાલ વિભાગે દસ્તાવેજો માટે કરવામાં આવતા ફ્રેન્કીંગ માટે નગર જનોની સુવિધા માટે સેકટર-૧૧ સ્થિત હેડ પોસ્ટ ઓફિસ ખાતે ફ્રેન્કીંગ મશીનની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. આ મશીનનો લાભ લેવા સિનિયર સુપ્રિટેન્ડેન્ટએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## સાપા ખાતે સગર્ભા મહિલા આરોગ્ય તપાસણી કેમ્પ યોજાયો

દહેગામ તાલુકા હેલ્થ કચેરી અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સાંપા દ્વારા સગર્ભા માતા તપાસણી કેમ્પ યોજાયો હતો. કેમ્પમાં ૮૯ બહેનોએ ભાગ લીધો હતો. તાલુકાના સાપા ગામે આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કાર્ય વિસ્તારના ગામડાઓની સગર્ભા મહિલાઓની તપાસણી કેમ્પ યોજવામાં આવ્યો હતો. સગર્ભા મહિલાઓએ ગર્ભસ્થ શિશુની અને પોતાની જાતની કેવી રીતે આરોગ્યની જાળવણી કરવી તે વિશે વિસ્તૃત માહિતી પુરી પાડવામાં આવી હતી. કેમ્પમાં ૮૯ બહેનોએ ભાગ લીધો હતો. મહિલાઓનું હિમોગ્લોબીન, બી.પી. યુરીન સુગર, બ્લડગૃપ અને એચ.આઈ.વી. ટેસ્ટ કરવામાં આવ્યા હતા. સગર્ભા મહિલાઓને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો અને આરોગ્ય વિષયક પ્રદર્શન બતાવવામાં આવ્યું હતું.

## ખોવાયેલ છે

નવા સચિવાલયથી 'ચ' રોડ ઉપરના માર્ગપર બપોરે ૧-૦૦ વાગ્યાની આસપાસ એક થેલી ખોવાયેલ છે. થેલીમાં એક મોબાઈલ જેનો નંબર ૯૫૭૪૧ ૩૪૧૪૧ બહેરાશ માટે વાપરવામાં આવતું કાનનું મશીન, નંબરવાળા ચશ્મા, સહિત ખાદ્યસામગ્રી સામેલ હતી. જો કોઈને મળી હોય તો સેકટર-૨-સી પ્લોટ નં. ૯૦૦/૧, મો. ૯૭૨૩૯૫૩૪૯૯ પર સંપર્ક કરવો.

# પ્રિ-વાયબ્રન્ટ સમિટ સેમિનાર : સ્કિલ ડેવલપમેન્ટ મોબિલીટી ચેનલ્સનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૦

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે સ્પષ્ટ મત વ્યકત કર્યો છે કે દેશના ગ્રોથ એન્જીન બની ગયેલા ગુજરાતમાં ઘોગોની જરૂરિયાત મુજબની માનવસંપદા નિર્માણ દ્વારા મહત્તમ રોજગાર અવસરો ગુજરાતની કૌશલ્યવાન યુવાશકિતને પૂરા પાડવાની આપણી પ્રતિબધ્ધતા છે.

આ સંદર્ભમાં સ્થાનિક કક્ષાએ કૌશલ્ય વર્ધન માટેની આઈ.ટી.આઈ. તથા ઈજનેરી તાલીમ સંસ્થાઓને ઘોગોની માંગ અનુસાર અભ્યાસક્રમો માટે પ્રેરિત કરવાનું આયોજન શ્રમ-રોજગાર વિભાગે વ્યાપક સ્તરે હાથ ધર્યુ છે.

મુખ્યમંત્રીશ્રીએ આજે મહાત્મા મંદિર ગાંધીનગરમાં યોજાયેલા પ્રિ-વાયબ્રન્ટ સમિટ સેમિનાર-સ્કીલ ડેવલપમેન્ટ-મોબિલીટી ચેનલ્સનો પ્રારંભ કરાવ્યો હતો. ર્જામંત્રીશ્રી સૌરભભાઈ પટેલ, ભારત સરકારના શ્રમ-રોજગાર સચિવ શ્રીમતી ગૌરીકુમાર તેમજ શ્રમ-રોજગારના વરિષ્ઠ અધિકારીઓ, તજજ્ઞો આ સેમિનારના પ્રારંભ અવસરે ઉપસથિત રહ્યા હતા.




મુખ્યમંત્રીશ્રીએ સ્કીલ ડેવલપમેન્ટની વર્તમાન યુગમાં આવશ્યકતા સમજાવતાં જણાવ્યું કે, રાજયમાં દર બે વર્ષે યોજાતી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતાને પગલે વિશ્વભરના અનેક ઉદ્યોગો રાજયમાં આવી રહ્યા છે તેમની જરૂરિયાત મુજબનું માનવબળ સકિલ ડેવલપમેન્ટ, સ્કિલ અપગ્રેડેશન અને વેલ્યુએડીશનથી ભું કરવું છે. આ માટે વિવિધ અભ્યાસક્રમોની ૫૬ જેટલી યુનિર્વસિટી તથા તાલુકે-તાલુકે આઈ.ટી.આઈ.નું નેટવર્ક વિકસાવ્યું છે.

ગુજરાતની યુવાપેઢીને અવસર અને તક મળે તો ડંકાની ચોટ ઉપર વિશ્વમાં ગુજરાતની ક્ષમતા પૂરવાર કરવાનું સામર્થ્ય તેનામાં પડેલું છે તેને નિખાર આપવો છે. આ માટે સ્કિલ યુનિવર્સિટીની નવિનત્તમ પહેલ ગુજરાતમાં કરવી છે.

સ્કિલ તો આપણા પરિવારભાવમાં DNAમાં જ પડી હોય છે. પરંપરાગત હુન્નર અને હસ્તકલા કૌશલ્ય એના બેનમૂન ઉદાહરણો છે. આપણી એ પરંપરા લુપ્ત ન થાય, યુવા પેઢીને રોજગાર મળે અને આર્થિક આધાર-સથિરતા મળતાં કૂપોષણમુકિત, સ્વસ્થતા-સમૃધ્ધિ થાય તેવો ત્રિવિધ વ્યૂહ અપનાવ્યો છે.



સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા સેક્ટર-૧ ૨ નારી સંરક્ષણ ગૃહ ખાતે એક સ્નેહમિલન રાખવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં નગરની અગ્રણી સંસ્થાઓના મહિલા પ્રતિનિધિઓએ હાજરી આપી હતી.
(તસવીર : કશ્યપ નીમાવત)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૯
સૂર્યાસ્ત : ૫.૫૩

## તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૨ ટકા ● સાંજે ૩૪ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હેપ્પી એન્ડીંગ : ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
હેપ્પી એન્ડીંગ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
ધ એક્વાલાઈઝર : ૧.૦૦, ૩.૪૫, ૬.૪૫, ૯.૩૦

: સ્ક્રીન-૪ :
હેપ્પી એન્ડીંગ : ૧૦.૦૦
કિલ/દિલ : ૧૨.૪૫, ૩.૩૦
જ્ઞાના કીરુક્કમ (તમીલ) : ૭.૦૦
રંગ રસીયા : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :
કીલ/દિલ : ૧૦.૦૦
હેપ્પી એન્ડીંગ : ૨.૦૦, ૫.૦૦, ૭.૪૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હેપ્પી એન્ડીંગ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૨ :
ટીટ્ટો એમ.બી.એ. : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
કિલ/દીલ : ૪.૧૫

સ્ક્રીન-૩ :
મની બેક ગેરન્ટી : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦
કિલ/દીલ : ૧.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. ભાગીદારથી લાભ પ્રાપ્ત થવાની સંભાવના છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

**વૃષભ** : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. વધુ પ્રયત્ન કરવો પડશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

**મિથુન** : વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

**કર્ક** : કૌટુંબીજનોના સાથ સહકાર-પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

**સિંહ** : આર્થિક ઉન્નતિ થશે. નોકરીમાં સ્થાનાંતરણનો યોગ બનશે. શારીરિક સુખ પ્રાપ્તિનો યોગ. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**કન્યા** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**તુલા** : જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે. ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો. અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે. સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે.

**ધન** : આવકના નવા સાધનો પ્રાપ્ત થશે. આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે.

**મકર** : રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. આપના પ્રયાસોથી વ્યાપારને ટોચ પર પહોંચાવી શકશો.

**કુંભ** : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. નાણાંકીય કાર્યોમાં સંશોધન થશે. વેપારમાં રોકાણ વિચારીને કરવું. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મીન** : તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર શકરીબેન પ્રતાપજી (ઉ.વ.૬૫) મુ. શોભાસણ, તા. કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. ભીલ મીનાબેન ભરતભાઈ (ઉ.વ.૨૫) ઘર નં. ૨૯૪, ઈન્દિરાનગર, સે-૨૪, ગાંધીનગર
- સ્વ. અમરસિંહ ધૂળાભાઈ પટેલ (ઉ.વ.૭૫) પ્લોટ નં. ૫૧૧/૧, સેક્ટર-૧૩એ ગાંધીનગર
- મોતીબેન બીજલભાઈ ભરવાડ (ઉ.વ.૨૨) મુ. રાંધેજા, તા.જી. ગાંધીનગર